AdvocateAuroraHealth

MRN:

અથવા દર્દી લેબલ ઉમેરો

## *CARE EVERYWHERE®* (કેર એવરીવ્હેર - સંભાળ દરેક જગ્યાએ) મેળવવાનું બંધ કરવાની/ચાલુ રાખવાની વિનંતી

સંઘીય અને રાજ્યના કાયદાઓ આરોગ્ય સંભાળ પૂરી પાડનારાઓને તમારી ઘણી માહિતી જાહેર કરવાની છૂટ આપે છે, તમારી લેખિત પરવાનગી વગર, જ્યારે અન્ય હોસ્પિટલો, ફિઝિશિયનો, અને આરોગ્ય સંભાળ પૂરી પાડનારાઓને તમારી સારવાર કરવાની જરૂર પડે. તમારી સારવાર કરનાર ફિઝિશિયનો વચ્ચે તમારી આરોગ્ય માહિતી વહેંચવી એ તમારી સંભાળનું અવિરતપણું અને સંકલનમાં મદદરૂપ થાય છે અને તેનાથી બેવડા પરીક્ષણમાં ઘટાડો થાય તેવું બની શકે.

અત્યાર સુધી, અમે ટેલિફોન, ટપાલ કે ફેકસિમિલના ઉપયોગ વડે તબીબી રેકોર્ડ્સ વહેંચીને આમ કર્યું.  નવી ટેકનોલોજી હવે અમને આરોગ્ય માહિતી ઇલેક્ટ્રોનિકલી સુરક્ષિત રીતે વહેંચવા દે છે. આ માહિતી વહેંચવા માટેની એક પદ્ધતિને *Care Everywhere (કેર એવરીવ્હેર - સંભાળ દરેક જગ્યાએ)* કહેવામાં આવે છે, જે એડવોકેટ ઔરોરા હેલ્થ (AAH) જેવી સરખી ઇલેક્ટ્રોનિક મેડિકલ રેકોર્ડ પદ્ધતિ વાપરતા સહભાગી આરોગ્ય સંભાળ પૂરી પાડનારાઓને ઉપલબ્ધ છે.

તમારી મોટા ભાગની AAH આરોગ્ય માહિતી સ્વચાલિત રીતે *કેર એવરીવ્હેરમાં* સામેલ હોય છે સિવાય કે તમે તેને બાકાત રાખવાની વિનંતી લેખિતમાં જણાવો. તમારી આરોગ્ય માહિતી *કેર એવરીવ્હેરમાંથી* બાકાત રાખવા તમારે આ Opt-Out (ઓપ્ટ-આઉટ) ફોર્મ પર સહી અચૂક કરવી રહી. *કેર એવરીવ્હેર* દ્વારા ઉપલબ્ધ ના હોય તેવી માહિતીના ઉદાહરણોમાં કોઇ પદાર્થના દુરુપયોગથી સારવાર, જાતીય હુમલો/ફોરેન્સિક (અદાલતી) રેકોર્ડ્સ અને વર્તણૂક સંબંધિત આરોગ્ય સારવાર રેકોર્ડ્સનો સમાવેશ થાય છે.

જો, ભવિષ્યમાં, તમે તમારો ઓપ્ટ-આઉટ નિર્ણય બદલવા ઇચ્છો તો, તમારે નવું ફોર્મ અચૂક ભરવું અને તમારા સ્થાનિક AAH હેલ્થ ઇન્ફર્મેશન મેનેજમેન્ટને (તબીબી રેકોર્ડ્સને) મોકલવું રહ્યું. તમારી વિનંતી મળ્યાના 5 ધંધાકીય દિવસમાં તેની પ્રક્રિયા કરવામાં આવશે.

કૃપા કરી છાપશો કે સ્પષ્ટ અક્ષરોમાં લખશો

| પહેલું નામ | વચલું | અટક |
|---|---|---|
| જન્મ-તારીખ (મમ/દિદિ/વવવવ) | | દિવસના સમયનો ફોન |

☐ ઓપ્ટ-આઉટ:  હું વિનંતી કરું છું કે મારી એડવોકેટ ઔરોરા હેલ્થ માહિતીને *કેર એવરીવ્હેર*માંથી બાકાત રાખવામાં આવે. હું સમજુ છું કે આનો અર્થ એ થાય કે અન્ય આરોગ્ય સંભાળ પૂરી પાડનારાઓ *કેર એવરીવ્હેર* મારફતે મારી આરોગ્ય માહિતી મેળવી શકશે નહિ સિવાય કે માહિતી જાહેર કરવા પ્રમાણસર કાર્યવાહી અગાઉથી કરવામાં આવી હોય, અને તેઓ તેને હજુ પણ અન્ય કાર્યપદ્ધતિઓ મારફતે મેળવે.

☐ મારું ઓપ્ટ-આઉટ પલટાવી નાખો:  મેં અગાઉ *કેર એવરીવ્હેર* માંથી બહાર નીકળી જવાનું અને મારી એડવોકેટ ઔરોરા હેલ્થ (AAH) આરોગ્ય માહિતી અન્ય આરોગ્ય સંભાળ પૂરી પાડનારાઓને ઇલેક્ટ્રોનિકલી ઉપલબ્ધ કરાવવાની છૂટ ન આપવાનું પસંદ કર્યું હતું.  હું હવે સહભાગી થવાનું (ઓપ્ટ-ઇન) અને મારી AAH આરોગ્ય માહિતી ઇલેક્ટ્રોનિકલી ઉપલબ્ધ કરાવવાની છૂટ આપવાનું પસંદ કરું છું.     આ ખાના પર નિશાની કરીને અને આ ફોર્મ પર સહી કરીને, હું *કેર એવરીવ્હેર* માંથી મારી આરોગ્ય માહિતી બાકાત કરવાની મારી અગાઉની વિનંતી પલટાવી નાખું છું.

દર્દી / અધિકૃત પ્રતિનિધિની સહી:________________________________________તારીખ:____________

જો અધિકૃત પ્રતિનિધિ હોય તો, દર્દી સાથે સંબંધ: ________________________________________

પ્રતિનિધિનું નામ છાપો કે સ્પષ્ટ અક્ષરોમાં લખો: ________________________________________

AdvocateAuroraHealth

# Care Everywhere®: માહિતી ઇલેક્ટ્રોનિકલી વહેંચવી

રાજ્યના અને સંઘીય કાયદાઓ આરોગ્ય સંભાળ પૂરી પાડનારાઓને તમારી લેખિત પરવાનગી વગર તમારી આરોગ્ય માહિતી જાહેર કરવાની છૂટ આપે છે જ્યારે અન્ય હોસ્પિટલો, ફિઝિશિયનો અને આરોગ્ય સંભાળ પૂરી પાડનારાઓને તમારી સારવાર કરવાની જરૂર પડે. આ આપલે તમારી સંભાળનું સંકલન કરવામાં મદદરૂપ છે. અત્યાર સુધી, આ વહેંચણી ટેલિફોન, ટપાલ કે ફેકસિમિલથી કરવામાં આવતી હતી. અમારી પાસે હવે એ ટેકનોલોજી છે જે
અમને આરોગ્ય માહિતી ઇલેક્ટ્રોનિકલી અને સુરક્ષિત રીતે વહેંચવા દે છે. તેને કેર એવરીવ્હેર કહેવામાં આવે છે.

## વારંવાર પૂછાતા પ્રશ્નો

**પ્રશ્ન: કેર એવરીવ્હેર શું છે?**

જવાબ: કેર એવરીવ્હેર જુદી જુદી સંસ્થાઓના તબીબો અને નર્સોને દર્દીની આરોગ્ય માહિતીની આપલે ઇલેક્ટ્રોનિકલી કરવાની છૂટ આપે છે. તે અમારા ઇલેક્ટ્રોનિક તબીબી રેકોર્ડમાંનું સાધન છે જેનો ઉપયોગ દર્દીની આરોગ્ય માહિતીને અન્ય આરોગ્ય સંભાળ પૂરી પાડનારાઓ સાથે સુરક્ષિતપણે વહેંચવા દેવા માટે થાય છે. કેર એવરીવ્હેર સાથે સહભાગી સંસ્થાઓ પાસેથી સંભાળ મેળવનાર કોઇપણ વ્યક્તિ કેર એવરીવ્હેર પાસેથી લાભ મેળવે તેવું બની શકે. તમે પ્રવાસ કરી રહ્યા હો કે નહિ અને તાકીદે તબીબી સંભાળની જરૂર પડે કે નહિ, અથવા કદાચ તમે સમુદાયમાં અન્ય આરોગ્ય સંભાળ પૂરી પાડનારાઓની મુલાકાત લો કે નહિ, *કેર એવરીવ્હેર* તમારી આરોગ્ય સ્થિતિ વિશે વધુ માહિતી આ સર્વિસ પૂરી પાડનારાઓ સુધી પહોંચવા દે છે જેથી કરીને તેઓ વધારે સારી રીતે તમારી તબીબી જરૂરિયાતોને સંતોષી શકે છે.

**પ્રશ્ન: કયા પ્રકારની માહિતી વહેંચવામાં આવે છે/ઉપલબ્ધ છે?**

જવાબ: દર્દી આરોગ્ય માહિતીમાં મોટા ભાગની માહિતી ઇલેક્ટ્રોનિક આરોગ્ય રેકોર્ડમાં સામેલ હોય છે. કેટલીક ચોક્કસ પ્રકારની માહિતી છે, જોકે, જેને આ રીતે વહેંચવામાં આવતી નથી.

**પ્રશ્ન: કયા પ્રકારની માહિતી કેર એવરીવ્હેર મારફતે વહેંચવામાં આવતી નથી/ઉપલબ્ધ નથી?**

જવાબ: કેર એવરીવ્હેર મારફતે વહેંચવામાં ન આવતી માહિતીમાં નીચેની બાબતો સામેલ છે:

- વર્તણૂકલક્ષી આરોગ્ય સારવાર
- કોઇ પદાર્થના દુરુપયોગ કાર્યક્રમની સર્વિસીસ
- જાતીય અત્યાચાર/ફોરેન્સિક (અદાલતી) રેકોર્ડ્સ

વધુમાં, એ અશક્ય છે કે અમે દર્દી રેકોર્ડ્સની આપલે આ સરખી રીતે અન્ય દેશો સાથે ઇલેક્ટ્રોનિકલી કરી શકીએ. આ આપલે માટેની પ્રક્રિયામાં તમારી માહિતી જાહેર કરવા માટે સહી કરેલી દર્દી અધિકૃતિની જરૂર પડશે. કેર એવરીવ્હેર મારફતે ઉપલબ્ધ ના હોય તેવા રેકોર્ડ્સની આ સગવડમાંથી અલગ રીતે વિનંતી કરવાની જરૂર પડશે.

**પ્રશ્ન: કેર એવરીવ્હેરમાં મારી માહિતી કોણ જોઇ શકે છે?**

જવાબ: તમારી આરોગ્ય સંભાળ મુલાકાત દરમિયાન તમારી સંભાળમાં સામેલ માત્ર આરોગ્ય સંભાળ રાખનાર વ્યવસાયિકો તમારી માહિતી જોઇ શકે છે. આરોગ્ય સંભાળ વ્યવસાયિકો તમારી સંભાળ અને સારવારનું સંકલન કરવા તમારી માહિતી માત્ર સુધી પહોંચ ધરાવે તેવું બની શકે.

**પ્રશ્ન: હું કેર એવરીવ્હેર માટે સાઇન-અપ (નોંધણી) કેવી રીતે કરાવું?**

જવાબ: કેર એવરીવ્હેર માટે કોઇ સાઇન-અપ પ્રક્રિયા નથી. સારવાર હેતુસર દર્દી માહિતીની વહેંચણી તબીબી માહિતીના પરવાનગી સાથે ઉપયોગને આધિન હોય છે.

**પ્રશ્ન: જો હું કેર એવરીવ્હેરમાં સહભાગી થવા ન ઇચ્છું તો શું?**

જવાબ: નોંધણી પ્રક્રિયા દરમિયાન, તમે કેર એવરીવ્હેર ઓપ્ટ-આઉટ વિનંતી ભરવા ઇચ્છતા હો તે પેશન્ટ એક્સેસ ટીમ સભ્યને સચેત કરો. જો તમે કોઇપણ સમયે તમારી કેર એવરીવ્હેર પસંદગી બદલવાનું/પલટાવવાનું પસંદ કરો તો, સરળતાપૂર્વક ઓપ્ટ-આઉટ વિનંતી ભરો અને તમારા સ્થાનિક એડવોકેટ ઑરોરા હેલ્થ (AAH) ઇન્ફર્મેશન મેનેજમેન્ટ (તબીબી રેકોર્ડ્સ) વિભાગને મોકલો.

**પ્રશ્ન: કેર એવરીવ્હેર માટે મારી પસંદગીમાં ફેરફારને અસર થતા કેટલો સમય લાગે છે?**

જવાબ: તમારો કેર એવરીવ્હેર વિકલ્પ અદ્યતન કરવામાં 5 દિવસ જેટલો સમય લાગી શકે.

**પ્રશ્ન: જો હું કેર એવરીવ્હેરમાંથી ઓપ્ટ-આઉટ કરું (બહાર નીકળી જઉં) તો, શું તેનો અર્થ એ થાય કે અન્ય આરોગ્ય સંભાળ પૂરી પાડનારાઓને મારી લેખિત સંમતિ વગર મારી આરોગ્ય માહિતી મળી શકતી નથી?**

જવાબ: ના, રાજ્ય અને સંઘીય કાયદાઓ હજુ પણ તમારી મોટા ભાગની આરોગ્ય માહિતી સુધી પહોંચવાની છૂટ આપે છે, તમારી લેખિત સંમતિ વગર, જ્યાં સુધી વિનંતી તમારી સંભાળમાં સામેલ અન્ય આરોગ્ય સંભાળ પૂરી પાડનારાઓ દ્વારા કરવામાં આવે. આ માહિતીને ટેલિફોન, ટપાલ કે ફેકસિમિલથી વહેંચવામાં આવશે.

*Care Everywhere (કેર એવરીવ્હેર) એ Epic Systems Corporation (એપિક સિસ્ટમ્સ કોર્પોરેશનનો) ટ્રેડમાર્ક છે.*


© AHC **x2018065** (10/18) Back